# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

વાર્ષિક નિરીક્ષણ અહેવાલ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રી, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા વહીવટી કર્મચારીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી ઓનલાઇન કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઇન ભરવાનો સમયગાળો તા.૧૯/૧૧/૨૦૨૪ થી તા.૧૫/૧૨/૨૦૨૪ સુધીનો રહેશે. શાળા દ્વારા બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા ir.gseb.org પરથી શાળાનાં ઇન્ડેક્ષ નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરી શકાશે.

વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઇન ભરવા અંગેની સૂચના બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. નિયત સમયમર્યાદામાં તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ફરજિયાત ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે.

(અર્ચના ચૌધરી)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ : ૧૮/૧૧/૨૦૨૪
સ્થળ : ગાંધીનગર